# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01/09/2026** **Morning: 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **વિધાનસભાનું ચોમાસુ સત્ર હવે નવમી સપ્ટેમ્બરથી અગિયાર સપ્ટેમ્બર સુધી યોજાશે. રાજ્યપાલે નવુ આહ્વાન જાહેર કર્યું**
2. **પડતર દાવાઓનો ઝડપી નિકાલ કરી સાચા હકદારોને ન્યાય આપવાના નિર્ણય સાથે સાગબારા- ઉમરપાડામાં જમીન ખેડાણ વિવાદનું નિવારણ**
3. **અમદવાદમાં ફ્લાઇટમાં બોમ્બ અંગેનું લખાણ મળ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પોલીસે અજાણ્યા ઇસમ સામે ભય ફેલાવવા અંગેનો ગુનો નોંધ્યો**
4. **ભાવનગર નકલી દારુકાંડમાં S.M.Cએ મુખ્ય સપ્લાયર એવા ઉમેદસિંહની આગ્રાથી ધરપકડ કરી**
5. **અંડર-17 ગર્લ્સ વિભાગની રાષ્ટ્રીય લૉન ટેનિસ સ્પર્ધામાં ગુજરાતની મિતિક્ષા પરમારે રજત ચંદ્રક જીત્યો**

**....................................**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# GUJARAT VIDHANSABHA MOONSOON SESSION

હવે ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર 9 થી 11 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે હવે નવેસરથી ગુજરાત વિધાનસભાના સત્રનું આહ્વાન કર્યું હતું. ત્રણ દિવસના આ સત્રમાં સરકારી કામકાજ, સરકારી વિધેયકો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ તેમજ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસારની કામગીરી હાથ ધરવામાં આવશે. સત્રની તારીખોમાં થયેલ ફેરફારના કારણે હવે તારાંકિત પ્રશ્નોત્તરી 9, 10 અને 11 સપ્ટેમ્બરના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન હાથ ધરવાનો અધ્યક્ષ શંકર ચૌધરીએ નિર્ણય કર્યો છે.

# SAGBARA LAND ISSUE RESOLVED

રાજ્ય સરકારના પ્રયાસોથી સાગબારા- ઉમરપાડામાં જમીન ખેડાણ વિવાદનું નિવારણ થયું છે. આ અંગે માહિતી આપતાં વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળીએ કહ્યું હતું કે **FRA** કાયદા હેઠળના પડતર દાવાઓનો ઝડપી નિકાલ કરી સાચા હકદારોને ન્યાય અપાશે. તેમણે વધુ વિગતો આપતાં કહ્યુ હતુ કે વનબંધુઓ માટે રોજગારી અને 'કુસુમ યોજના' હેઠળ તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ છે.

(બાઇટ- પ્રવિણ માળી , રાજ્યમંત્રી)

*( જે પેન્ડિંગ દાવા 12 ગામના છે અને ઝડપી નિકાલ કરવામાં આવે તો તમામ લોકોને ન્યાય મળ્યો હશે. આજના દિવસે એ જ નિર્ણય કરી અને એફઆરએ ૨૦૦૬ અંતર્ગત જે દાવાઓ પેન્ડિંગ છે, તેમાં માનનીય મનસુખભાઈ વસાવાજીની હાજરીની અંદર આજે પારણા કરવામાં આવે છે. કાલથી પ્રક્રિયાઓ સ્ટાર્ટ થશે, એટલે એને જેટલી પણ માપણીઓ કરવાની હોય, રેવન્યુ, આ બંનેનો તાલમેલ કરી અને બહુ જ ઝડપીમાં ઝડપી આની કાર્યવાહી થશે.)*

જળ સંપત્તિ પાણી, પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, વન, પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળી અને સાંસદ મનસુખ વસાવાના હસ્તે આદિવાસી ખેડૂતોના ઉપવાસના પારણા કરાવાયાં હતાં.

# CM VGGS COURTAIN REZER

નવી દિલ્હી ખાતે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027 અઁતર્ગત નવી દિલ્હી ખાતે કર્ટેન રેઇઝન ઇવેન્ટ યોજાઇ હતી.. મુખ્યમંત્રીએ ઇન્વેસ્ટર્સ અને બિઝનેસ લીડર્સને ગુજરાતમાં રોકાણોથી વિકાસયાત્રામાં સહભાગી બનવા નિમંત્રણ પાઠવતાં રાજ્યમાં દરેક રોકાણને વિકાસનું માધ્યમ, ઉદ્યોગને રોજગારનો આધાર, ઇનોવેશનને ભારતની શક્તિ બનાવીને વિકસિત ભારત 2047 માટે વિકસિત ગુજરાત 2047ના નિર્માણમાં ભાગીદાર બનવા આ આહ્વાન કર્યું હતું.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

*(ગિફ્ટ સિટી (GIFT City) ના માધ્યમથી ગ્લોબલ ફાઇનાન્સ અને ફિનટેક (FinTech) ના નવા અવસરો સાથે જોડાઈને ગુજરાતના યુવાઓની પ્રતિભા સાથે પોતાના ભવિષ્યને જોડવાનું છે.આપણે સૌ સાથે મળીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વિકસિત ભારત 2047 ના સપનાને સાકાર કરીએ અને હર નિવેશને વિકાસનું માધ્યમ બનાવીએ. વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની ઓર સૌ સાથે મળીને આગળ વધીએ.)*

આ પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતે સચોટ વિઝન અને ઝડપી અમલનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સમગ્ર દેશ સમક્ષ પૂરું પાડ્યું હોવાનો ઉલ્લેખ કર્યો હતો. નવી દિલ્હીના ભારત મંડપમાં સૌપ્રથમવાર યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027ની આ પ્રમોશનલ ઇવેન્ટમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકો, રોકાણકારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# AHMEDABAD AIRPORT EMERGENCY LANDING

દમામથી દિલ્હી જઇ રહેલી ફ્લાઇટમાં ટીશ્યુ પેપર પર બોમ્બ અંગેનું લખાણ મળ્યા બાદ પોલીસે તપાસ કરીને અજાણ્યા ઇસમ સામે ભય ફેલાવવા અંગેનો અમદાવાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

અમદાવાદ એરપોર્ટ પર ગઇકાલે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ દમામથી દિલ્હી જઈ રહી હતી.આ દરમિયાન બપોરે ફ્લાઇટના ક્રૂને એક ટિસ્યુ પેપર પર **BOMB DEAD 4:30** લખેલું મળ્યું હતું જે બાદ ફ્લાઇટનું અમદાવાદ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.ફલાઇટમાં સવાર **32** મુસાફરો અને **7** ક્રૂ મેમ્બરને ઉતારી લેવામાં આવ્યા હતા. બોમ્બ સ્કોડ અને ડોગ સ્કોડ દ્વારા તપાસ કરવામાં આવતા ફ્લાઇટમાંથી કઈ મળી આવ્યું નહોતું. તમામ પેસેન્જર અને ક્રૂ મેમ્બરના હેન્ડ હસ્તાક્ષરના નમૂના લેવામાં આવ્યા છે.આ તમામ સેમ્પલ સાથે લખાણ મેચિંગ કરવામાં આવશે. ફલાઇટમાં ચેકીંગ પૂરું થતા તમામ પેસેન્જરને ફલાઇટમાં દિલ્હી મોકલવાની વ્યવસ્થા કરાઇ હતી હોવાનું એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઇ એડી ચાવડાએ જણાવ્યુ હતું.

(બાઇટઃ એ ડી ચાવડા પીઆઇ એરપોર્ટ પોલીસ સ્ટેશન)

**(ક્રૂ મેમ્બરને બાથરૂમમાંથી એક બોમ્બ રેડ 4.30 લખેલું કાગળ ટીશ્યુ પેપર ઉપર મળી આવેલ, જેના કારણે ફ્લાઇટ અમદાવાદ એરપોર્ટ ખાતે લેન્ડિંગ કરેલ છે. હાલ ફ્લાઇટમાં 32 પેસેન્જરો જે લોકોને તમામને સેફ્લી અમદાવાદ એરપોર્ટ ખાતે રાખવામાં આવેલ છે. તમામની તપાસ ચાલુ છે. ફરિયાદ લેવાની કાર્યવાહી હાલ અમદાવાદ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ચાલુ છે. હાલ કોઈ વાંધાજનક ચીજ વસ્તુઓ મળી આવેલ નથી.)**

# BHAVNAGAR- FAKE LIQUOR CASE

ભાવનગરમાં નકલી દારૂકાંડના મુખ્ય સૂત્રધાર ઉમેદસિંહની ઉત્તર પ્રદેશના આગ્રાથી ધરપકડ કરાઈ છે. SMC ની ટીમ દ્વારા તેને ભાવનગર કોર્ટમાં રજૂ કરતા કોર્ટે 8 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ભાવનગરમાં સપ્લાય કરવામાં આવેલો ઝેરી મિથેનોલ કેમિકલનો જથ્થો આગ્રાથી આ ઉમેદસિંહ દ્વારા જ મોકલવામાં આવ્યો હતો. આરોપી ઉમેદસિંહની ધરપકડ બાદ પોલીસ રિમાન્ડ દરમિયાન આ લઠ્ઠાકાંડમાં જોડાણ ધરાવતા અન્ય આરોપીઓ અને નેટવર્ક અંગે વધુ તપાસ ચાલી રહી છે.

આ અગાઉ નકલી દારૂકાંડના 14 આરોપીઓને રિમાન્ડ પૂરા થતાં કોર્ટમાં રજૂ કરાયા હતા. તમામ 14 આરોપીને જેલમાં મોકલવાનો હુકમ કર્યો છે.

SMCએ મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી અને ઉજ્જૈનથી ઝડપાયેલા રઈશ અંસારી સહિત અત્યાર સુધીમાં 37 આરોપીની ધરપકડ કરી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# AMC RAIN BASERA

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુ.સી.ડી. વિભાગ દ્વારા ઘરવિહોણા લોકો માટે નવીન રેસ્ક્યુ પહેલ શરૂ કરવામાં આવી છે.જાહેર સ્થળે કોઈ ઘરવિહોણી વ્યક્તિ જોવા મળે તો ટોલ-ફ્રી નં. **155303** પર જાણ કરવા મહાનગર પાલિકાના યુસીડી વિભાગ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે. **AMC**ની ઝોનવાર રેસ્ક્યુ ટીમ સ્થળ પર પહોંચી જરૂરી કાઉન્સેલિંગ બાદ વ્યક્તિને નજીકના આશ્રયગૃહમાં સુરક્ષિત રીતે પહોંચાડશે.અમદાવાદમાં **35** આશ્રયગૃહો **24×7** કાર્યરત છે, જ્યાં નિઃશુલ્ક આશ્રય, આરોગ્યપ્રદ ભોજન, પ્રાથમિક સુવિધાઓ તેમજ બાળકોના શિક્ષણ અને સરકારી યોજનાઓ સાથે જોડાણની સુવિધા ઉપલબ્ધ હોવાનું અમદાવાદ મહાનગરપાલિકા તંત્ર દ્વારા જણાવાયું હતું.

(બાઇટ- અધિકારી અમદાવાદ મહાનગર પાલિકા)

*(નાગરિકોને વધુ સુવિધા મળી રહે તે ઉદ્દેશસર **155303** નંબરની હેલ્પલાઈન ચાલુ કરવામાં આવેલી છે અને તેમાં જે રોડ ઉપર જે લોકો જે રહેતા હોય અથવા તો જે મલી આવતા હોય જે ઘર વિહોણા હોય તેવા લોકોને **155303** ઉપર કોલ કરી અને શેલ્ટર રૂમમાં અમારી ટીમ દ્વારા કીપ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત **9**મી એપ્રિલ **2026** થી એન્ટી બેગિંગ ડ્રાઈવ એ પણ ચાલુ કરવામાં આવી રહી છે.*

# HC JUDGER KOGJE

ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ એ.વાય. કોગજેને મધ્યપ્રદેશ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂકની ભલામણ સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા કરવામાં આવી છે. તેઓ 15મી માર્ચ 2018ના રોજ તેઓ ગુજરાત હાઇકોર્ટમાં કાયમી જજ તરીકે નિયુક્ત થયા હતા. જસ્ટિસ કોગજે ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીના એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પણ સેવાઓ આપી રહ્યાં છે.

# SANSKRIT WEEK

રાજ્યભરમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી થઈ રહી છે. ગાંધીનગર ખાતે સંસ્કૃત સપ્તાહની ઉજવણી દરમિયાન વડોદરા જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર તથા વિવિધ પ્રવૃત્તિઓના સફળ આયોજન અને શ્રેષ્ઠ કામગીરી બદલ વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડેનું રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લાને સંસ્કૃત સપ્તાહ મહોત્સવના ઉત્કૃષ્ટ આયોજન બદલ સતત બીજીવાર રાજ્યકક્ષાએ સન્માનિત કરવામાં આવ્યો છે.

ડાંગના આહવામાં સંસ્કૃત સપ્તાહની ઉજવણીમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં વૈદિક મંત્રો ઉચ્ચાર અને સંસ્કૃત શ્લોકનું પઠન કરાયું હતું.

રાજ્યભરમાં **25** થી **31** ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

# GIR SEVA SETU

ગીર સોમનાથ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં આગામી 21 સપ્ટેમ્બર થી 9 ઓક્ટોબર દરમિયાન તબક્કાવાર સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

સેવાસેતુના બીજા તબક્કામાં વેરાવળ ગ્રામ્ય, તાલાલા, સૂત્રાપાડા, કોડીનાર, ઉના અને ગીરગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવામાં આવશે. આ માટે 8 થી 10 ગામોના ક્લસ્ટર મુજબ આયોજન કરવામાં આવ્યું છે.

# GANDHINGAR MITIKSHA PARMAR SILVER MEDAL

કેન્દ્રીય વિદ્યાલય સંગઠન દ્વારા નવી દિલ્હીના આર. કે. પુરમ સ્થિત ડી.એલ.ટી.એ. (DLTA) સ્ટેડિયમ ખાતે આયોજિત 55માં રાષ્ટ્રીય રમતોત્સવમાં ગાંધીનગરની મિતિક્ષા પરમારે રજત ચંદ્રક જીત્યો છે. અંડર-૧૭ ગર્લ્સ વિભાગની લૉન ટેનિસ સ્પર્ધામાં ગુજરાત ટીમનું પ્રતિનિધિત્વ કરતાં મિતિક્ષા પરમારે આ સિધ્ધિ હાંસલ કરી છે.

# SRT SWIMMING COMPETITION

સુરતમાં યોજાયેલી 15-મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ તરણ સ્પર્ધામાં સુરત રોજગાર કચેરીનાં મદદનીશ નિયામક રોજગાર પારુલ પટેલે દ્વિતીય ક્રમ સાથે રજત ચંદ્રક જીત્યો. પોતાની ઉત્કૃષ્ટ તરણકળાનો પરિચય આપતાં પારુલ પટેલે 45થી 49 વર્ષની વયજૂથમાં 50 મીટર બ્રેસ્ટ સ્ટ્રોક ઇવેન્ટમાં માત્ર **01:34:94** સેકન્ડના અદભૂત સમય સાથે સફળતા મેળવી. હવે તેઓ આવતા મહિને હરિયાણામાં યોજાનારી રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં રાજ્યભરના 15 જિલ્લાના અંદાજે 180થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.